# ધૂળેટી પર્વમાં ૧૦૮ ઈમર્જન્સી કોલ દોઢ ગણા વધી જાય છે

## હોળી-ધૂળેટીમાં કેટલીક બાબતોની ખાસ તકેદારી રાખવા ૧૦૮ની સલાહ

ગાંધીનગર, તા. ૫

હોળી એ એક ખુશી અને રંગોનો તહેવાર છે. પરંતુ હોળી રમતી વખતે સજાગ રહેવુ ખુબ આવશ્યક છે. નાના પણ મહત્વના સાવચેતીના પગલાથી તમારા નિક્ટના હિતેચ્છુને જાણતા કે અજાણતા હાની થવાથી રોકી શકાય છે. હોળી-ધૂળેટી પર્વ દરમ્યાન સામાન્ય દિવસો કરતા દોઢ ગણા કોલ ઈમર્જન્સી ૧૦૮ એમ્બ્યુલન્સ પર આવે છે. જેમાં એલર્જીક રીએક્શન, મારામારી, શરીરે બળતરા જેવા કિસ્સાઓ સૌથી વધુ જોવા મળે છે. જેને પગલે હોળી-ધૂળેટીએ શું કરવું જોઈએ અને શું ન કરવું જોઈએ જેની યાદી દર્શાવેલી છે. કે જે હોળીને સલામત રીતે ઉજવવા અને માણવા માટે પૂર્વ જરૂરીયાત છે.

### શું કરવું જોઈએ ?

- નુકશાનકારક કેમિકલ્સના રંગોથી આંખોને સલામત રાખવા સનગ્લાસ અચુક પહેરવા જોઈએ.
- જો કોઈ ઈમરજન્સી પેદા થાય તો ૧૦૮ને કોલ કરી મેડિકલ ફાયર પોલીસની મદદ લઈ શકાય.
- ચોખ્ખુ પાણી અને સારી ગુણવત્તાના કલરનો ઉપયોગ કરવો.
- વડીલોની નિગરાનીમાં બાળકોએ હોળી રમવી જોઈએ.
- ચહેરાને કલરના અચાનક આક્રમણથી બચાવવું ખુબ મુશ્કેલ છે પરંતુ જો એમ થાય તો આંખો અને મોઢું ચુસ્તપણે બંધ કરવું જોઈએ.
- પરિવહન કરતી વખતે સજાગ અને સલામત રહેવુ. પાણીના ફુગ્ગા કે અન્ય કોઈ વસ્તુના અચોક્કસ આક્રમણથી ચેતવુ અને હેલ્મેટ અવશ્ય પહેરવું.
- કારમાં પરિવહન કરતી વખતે કારની વિન્ડો ચુસ્તપણે બંધ કરવી. જો કારમાં એ.સી. ના હોય તો પણ તેમ કરવું સલાહભર્યુ છે. ટોળાની વચ્ચે કાર લઈ જવાનું ટાળો અને સલામત અંતરે રાહ જોઈ પસાર થાવ.

### શું ના કરવું જોઈએ ?

- પાણીનાં ફુગ્ગાને આંખ, કાન તેમજ ચહેરા પર સીધા ફેંકવા નહીં.
- બાળકને ઈંડા, કાદવ અને ગટરનાં દુષિત પાણી સાથે હોળી રમતાં અટકાવો.
- ભાંગ કે નશાયુક્ત પીણું પીધા બાદ ડ્રાઈવીંગ ના કરો.
- હોળીના દિવસોમાં શેરીઓમાં એકલા ના ફરો કેમ કે તમે કોઈ ખેલના નિશાન પર હોઈ શકો છો. હોળી નિકટના મિત્રો અને સગાં-સંબંધીઓ સાથે રમો.
- લિસી અથવા ભીની સપાટી પર દોડશો નહીં.
- ભીનાં શરીરે કોઈપણ ઈલેક્ટ્રોનીક સાધનો સાથે કાર્ય કરવું નહીં અથવા હાથ સંપૂર્ણપણે શુષ્ક કરીને બટન દબાવો.
- જે દુકાને ખોરાક કે મીઠાઈનુ દુષિત પાણીથી તૈયાર કરવામાં આવેલ હોય તે ખાવાનું ટાળો.




શહેરમાં ટીનએજ બાળકોને લાયસન્સ વિના જ વાહનો ચલાવવાની સંમતિ માતા-પિતા આપી દે છે. પછી બેફામ ગતિએ વાહનો હંકારતા અકસ્માતો નોતરે છે. સેક્ટર-૨૩ કડી કેમ્પસ પાસે એક શાળાના વિદ્યાર્થીએ આવી જ રીતે રાહ પર પસાર થતા યુવાનને અડફેટે લઈ ભાગી છુટ્યો હતો. શાળા પરિવારે પણ ધ્યાન રાખવુ જોઈએ. (તસવીર : કશ્યપ નીમાવત)

# ચિલોડાના ગેસધારકની સબસીડી ભળતા બેંક ખાતામાં જમા થઈ ગઈ

ચિલોડા, તા. ૫

ગાંધીનગર તાલુકાના ચિલોડા ખાતેના ગેસધારકોને તેમના ગેસની બોટલની રીફિલ મેળવવા માટે ગાંધીનગરના વિતરકો પર જ આધાર રાખવો પડે છે. આ ગેસધારકોએ બાટલાની પુરી કિંમત ચુકવ્યા બાદ તેમના બેંક ખાતામાં ઓનલાઈન સબસીડી જમા કરવામાં આવે છે. ચિલોડાના આવાજ એક ગેસધારકે પુરતા પુરાવા રજુ કર્યા હોવા છતાં તેમની સબસીડીની રકમ કોઈ ભળતા જ બેંક ખાતામાં જમા થઈ ગઈ છે.

ચિલોડાના રાજેશભાઈ રણછોડભાઈ નામના ગેસ જોડાણ ધારકે પેથાપુરના મહાલક્ષ્મી ઈન્ડેન ગેસ એજન્સી પાસે જરૂરી તમામ પુરાવા સાથે ઓનલાઈન રજીસ્ટ્રેશન કરાવ્યું હતું. અને ગેસની બોટલ મેળવી હતી. તેમણે પોતાની નોંધણીમાં અમદાવાદ ડિસ્ટ્રીક્ટ કો.ઓપ. બેંકનું ખાતા નં. ૬૦૭૦-૯૮૦૦૩૪૮૦ની નોંધણી કરાવી હતી. રાજેશભાઈએ તા. ૪થી જાન્યુઆરી અને તા. ૧૫મી ફએબ્રુઆરીએ એમ બે ગેસ બોટલ પુરેપુરી રકમ ભરી ડીલીવરી લીધી હતી. પરંતુ તેમની સબસીડીની રકમ ઉપરોક્ત બેંક ખાતામાં જમા થઈ નહોતી. આ અંગે વધુ તપાસ કરતા આ સબસીડીની રકમ એ.ડી.સી. બેંકના ખાતા નં. ૬૦૭૦૯૮૦૦૩૪૯૦માં જમા થઈ ગયેલી માલુમ પડ્યું હતું. આમ ગેસ એજન્સીની ભુલના કારણે ગ્રાહકે સહન કરવાનું આવ્યું છે. આ સબસીડી પરત મેળવવા રાજેશભાઈને કોર્ટના શરણે જવાની ફરજ પડી છે.

## રોટરી કલબ તરફથી આંતરડા-પેટની બીમારીનો ફ્રી મેડીકલ ચેક અપ કેમ્પ

ગાંધીનગર,તા.૫

રોટરી કલબ ઓફ ગાંધીનગર દ્વારા આંતરડા તથા પેટને લગતી બિમારીઓ માટેનો ફ્રી મેડીકલ ચેક અપ કેમ્પ ડૉ. કૌશલ આનંદ (એમ.એસ.) ગસ્ટ્રો એન્ટ્રોલોજીસ્ટ તા. ૮મી માર્ચને રવિવારે સવારે સાડા આઠ વાગેથી ફીઝીઓથેરાપી સેન્ટર પંચદેવ મંદિરની પાછળ સે-૨૨ ખાતે યોજવામાં આવનાર છે. લાભ લેવા ઈચ્છતા હોય તેઓએ શ્રી દિલીપભાઈ પટેલ મો. ૯૮૯૮૫૨૭૪૮૪ પર નોંધણી કરાવવી.



જ્યોતિ મહિલા મંડળના પ્રમુખ લત્તાબેનના જન્મ દિવસની ઉજવણી કરાઈ

ગાંધીનગર શહેરમાં મહિલા ઉત્થાન માટે સતત કાર્યશીલ રહેતા અને જ્યોતિ મહિલા મંડળના પ્રમુખ લત્તાબેન ચોકસીના જન્મ દિવસની પૂર્વ સંધ્યાએ કેક કાપી ઉજવણી કરવામાં આવી હતી. જ્યોતિ મહિલા મંડળના પ્રમુખ લત્તાબેન ચોકસીના જન્મ દિવસની ઉજવણી કરવામાં આવી હતી. કમિટીની બહેનો દ્વારા લત્તાબેનના જન્મ દિવસની કેપ કાપી શુભેચ્છાઓ પાઠવી હતી. આ પ્રસંગે નિરૂબેન નાયક, પુષ્પાબેન મહેતા, હંસાબેન પટેલ, તારાબેન, પ્રવિણાબેન સહિતની બહેનોએ શુભેચ્છા પાઠવી હતી. તેમજ સિસિકાની મહિલા મંડળ દ્વારા પુષ્પગુચ્છ આપી શુભેચ્છા પાઠવી હતી. ઉલ્લેખનીય છે કે લત્તાબેન છેલ્લા ૨૫ થી વધુ વર્ષોથી નગરમાં મહિલાઓના ઉત્થાન માટે કાર્ય કરી રહ્યા છે. મહિલાઓને પગભર કરવામાં અને સ્વનિર્ભર કરવા માટે હંમેશા કાર્યરત રહે છે.

## સ્વાઈન ફલુ પ્રતિરોધક દવાનું વિતરણ

ગાંધીનગર, તા.૫

વધતા જતા સ્વાઈન ફલુના કહેરથી બચવા માટે શ્રી યુરો બાઈન્ડ સેન્ટર દ્વારા સ્વાઈન ફલુ પ્રતિરોધક દવાનું વિતરણ કરવામાં આવશે. સેન્ટ્રલ કાઉન્સીલ ઓફ હોમિયોપેથીક રીસર્ચ વિભાગ દ્વારા જણાવેલ દવા અને માસ્ક શ્રી અરવિંદ કેન્દ્ર, સેકટર-૨૩ ખાતે શનિવાર અને રવિવાર સવારે ૯ થી ૧૨ અને સાંજે ૫.૩૦ થી ૭.૩૦ દરમિયાન તા. ૭ અને ૮ માર્ચ દરમિયાન વિતરણ કરાશે.

# વગડાવાળી માતાના ધામમાં શ્રીમદ્ દેવી ભાગવત કથા યોજાશે

ગાંધીનગર, તા. ૫

લાભગૃપ ગાંધીનગર વસાહત મંડળ સેક્ટર-૩ દ્વારા વગડાવાળી માતાના મંદિરના સાનિધ્યમાં શ્રીમદ દેવી ભાગવત કથા યોજવામાં આવશે.

ગૌ સેવાના લાભાર્થે આગામી તા. ૭ થી ૧૫ માર્ચ દરમિયાન શ્રીમદ દેવી ભાગવત કથા યોજાશે. ૭ માર્ચના રોજ સૌરાષ્ટ્રના ખ્યાતનામ કથાકાર રામભાઈ રાવળની વ્યાસપીઠે કથા પ્રારંભ થશે. તેમજ ૧૫ માર્ચના રોજ કથા પૂર્ણાહિતી કરાશે. દરરોજ બપોરે ૩ થી ૬ કલાક દરમિયાન કથાય યોજાશે.

કથાની પોથીયાત્રા ભરત ઠક્કરના નિવાસસ્થાન પ્લોટ નં. ૧૪૯૪/૨ સેક્ટર-૩-ડી ખાતેથી પ્રસ્થાન કરી કથા સ્થળે ૫.૦૦ વાગે પહોંચશે. તેમજ ૧૦ માર્ચના રોજ રાત્રે ૮.૦૦ વાગે ચંદન યોગીરાજ મ્યુનિઝકલ ગૃપ રાસ ગરબાની રમઝટ બોલાવશે. તેમજ ૧૪ માર્ચ રાત્રે ૮.૦૦ વાગે પોપટ માલધારી કાળુભાઈ ચૌહાણ ગૃપ લોક સાહિત્યનો સંગમ કરાવશે.

## ગાંધીનગર શહેર જાગૃત પરિષદની ચૂંટણી યોજાશે

ગાંધીનગર, તા. ૫

ગાંધીનગર શહેર જાગૃત નાગરિક પરિષદ કાર્યવાહક સમિતિ સભ્યોની ચૂંટણી યોજવામાં આવશે. જાગૃત નાગરિક પરિષદની હાલની કાર્યવાહક સમિતિનો કાર્યકાળ માર્ચ-૧૫ના અંતમાં પૂરો થઈ રહ્યો છે.

આગામી સમયમાં કાર્યવાહક સમિતિની ચૂંટણી યોજવામાં આવશે. જાગૃત નાગરિક પરિષદના નોંધાયેલા સભ્યોમાંથી કોઈ પણ સભ્ય ચૂંટણી લડી શકશે. ચૂંટણી લડવા ઈચ્છુક ઉમેદવારે ૨૦ માર્ચ સુધી સાંજે ૬ વાગ્યા સુધી ઉમેદવારી ફોર્મ ભરવાનું રહેશે. તા. ૨૨ માર્ચ સુધી ફોર્મ પરત ખેંચી શકાશે જેની દરેક સભ્યોએ નોંધ લેવી.




સમાજકલ્યાણ સંઘ સંચાલિત મહિલા સિવણ વર્ગ, સેક્ટર-૨૨ ખાતે શુક્રવારે જી.ઈ. કલબ અને સૌરાષ્ટ્ર કચ્છ સમાજ સેવાના સહયોગથી ઈન્ડિયન રેડક્રોસ ગાંધીનગર બ્રાન્ચ દ્વારા ઉકાળાનું વિતરણ કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે કુંતલ નીમાવત, મેહુલ શાસ્ત્રી, જીજ્ઞેશ રાવલ ઉપસ્થિત રહ્યા હતા. (તસવીર : કશ્યપ નીમાવત)

# વાવોલમાં તાલુકા ભાજપનું સદસ્યતા અભિયાન યોજાયું

ગાંધીનગર, તા.૫

ગાંધીનગરના નજીકના ગુડા વિસ્તાર વાવોલ ખાતે આજે ભારતીય જનતા પાર્ટીના તાલુકા મંડળ દ્વારા સદસ્યતા અભિયાન હાથ ધરાયું હતું. અભિયાનની સાથે ભાજપના હોદ્દેદારોએ વાવોલ ગામમાં સ્વાઈન ફલુ પ્રતિરોધક ઔષધિ યુકત ઉકાળાનું વિતરણ પણ કર્યુ હતું.

આજે સવારે ૧૦ થી ૧૨ વાગ્યા દરમિયાન વાવોલના સૂર્યા સિનેમા પાસે ભાજપના તાલુકા મંડળ દ્વારા આયોજિત સદસ્યતા અભિયાનમાં ભાજપ જિલ્લા પ્રમુખ નૈલેષભાઈ શાહ, તાલુકા ભાજપ પ્રમુખ શૈલેષભાઈ પટેલ, કિસાન મોરચાના પ્રમુખ દિલીપસિંહ ગોલ, મહામંત્રી રવજીજી ઠાકોર અને જશુભાઈ પટેલ, વાવોલના સરપંચ કમલેશજી ગોલ, અગ્રણી કચરાજી ગોલ સહિત તાલુકા મંડળના કાર્યકરો ઉત્સાહપૂર્વક જોડાયા હતા. આ સદસ્યતા અભિયાન દરમિયાન ભાજપના હોદ્દેદારો તેમજ કાર્યકરો દ્વારા વિવિધ આયુર્વેદિક ઔષધિઓથી બનાવેલ સ્વાઈન ફલુ પ્રતિરોધક ઉકાળાનું પણ વિતરણ કર્યુ હતું. જેનો ગ્રામજનોએ બહોળી સંખ્યામાં લાભ ઉઠાવ્યો હતો.

# કમોસમી વરસાદે ખેતીનો દાટ વાળ્યો, ઉભો તૈયાર પાક ધરાશાયી, ખેડૂતો લાચાર

## ઘઉંમાં ડાઘી પડી જવાની શક્યતા, ઉત્પાદન વધશે છતાં ભાવ નહીં મળે, વિપુલ માત્રામાં વાવેતર

ગાંધીનગર, તા. ૫

સમગ્ર દેશમાં વેસ્ટર્ન ડિસ્ટર્બન્સના કારણે હમણાં જ થયેલા કમોસમી વરસાદે ખેતીમાં પારાવાર નુકસાન કર્યું છે. રવિપાક એવા ઘઉંનું સૌથી વધુ વાવેતર થયેલું હતું અને ખેતરોમાં કાપણી માટે તૈયાર પાક હતો ત્યારે જ કમોસમી વરસાદના ઝાપટાએ ઘઉંના ઉભા પાકને ભોંય ભેગો કરી દીધો છે. જો કે તૈયાર થઈ ગયેલ પાક હોવાથી ઉત્પાદન મળશે પરંતુ ઘઉંનો દાણો ઝીણો અને ડાઘી પડેલો થવાની શક્યતા હોવાથી ભાવ ન મળવાના સંજોગો સર્જાયા છે. જેથી ખેડૂતોમાં લાચારી ઉભી થઈ છે અને સરકાર તરફથી સહાય પ્રાપ્ત થાય તેવું ઈચ્છી રહ્યા છે.

રાજ્યમાં ઘઉંનુ વાવેતર વિપુલ માત્રામાં કરવામાં આવ્યું છે. હોળી પછી ઘઉંને લણવાની તૈયારી કરતો ખેડૂતવર્ગ આ વર્ષે વિમાસણમાં મુકાઈ ગયો છે. રાજ્યભરના ખેતરો ઘઉંના હરીયાળા પાકથી લહેરાતા હતા અને ખેડૂતો પણ શ્રેષ્ઠ ઉત્પાદનની અપેક્ષાએ હરખાતા હતા. પરંતુ કુદરતની કારમી થપાટમાં ખેડૂતોની આશા ઉપર પાણી ફરી વળ્યુ અને ઘઉંના કાપણીલાયક તૈયાર પાક ઉપર કમોસમી વરસાદે વિઘ્ન નાખ્યું અને ઘઉંનો પાક ધરાશાયી થઈ સોથ વળી ગયો. હાલમાં રાજ્યમાં થયેલા કુલ ૧૧૪૩૨૦૦ હેકટર ઘઉંના વાવેતરવાળા ખેતરોમાં પચાસથી વધુ ટકામાં પાક આડો પડી જવા પામ્યો છે.

દર વર્ષની જેમ હોળી પછી ઘઉંના પાકને લણવાની પૂર્વતૈયારી કરી વધારે અને ઉચ્ચ ગુણવત્તાના ઘઉંના ઉંચા ભાવ મળવાની ખેડૂતોએ આશા સેવી હતી. તેમજ રાજ્યમાં તમામ ખેડૂતોને અતિપ્રિય પાક પણ ઘઉ હોવાથી સારી એવી અપેક્ષા સેવાઈ હતી. જો કે ઉત્પાદન કદાચ ગત વર્ષ કરતાં પણ વધી જશે તેવુ ખેડૂતવર્ગ માની રહ્યો છે. પરંતુ નમી પડેલા અને આડા થઈ ગયેલા ઘઉંમાં ડાગી પડવાની તેમજ દાણો ઝીણો થઈ જવાની શક્યતા છે. જેથી વળતરનું પ્રમાણ નહીવત થઈ જશે. વધઉંમાં ઘઉંના બિયારણ, ખાતર અને પાણી આપી સતત દેખરેખ રાખી તેની પાછળ કાળી મજુરી કરી કંઈક કમાવાની અપેક્ષા ખેડૂત વર્ગે સેવી હતી જે વરસાદ વિઘ્ને રોળી નાખી છે.

લાચાર અવસ્થામાં આવી ગયેલ ખેડૂતોને ખેતીમાં વ્યાપક નુકસાન થઈ રહ્યું છે. જેથી સરકાર તેમની મદદે આવી સહાય પુરી પાડે તેવી માંગ પણ ઉભી થઈ છે. જગતનો તાત કુદરતના સહારે ખેતી કરે છે ત્યારે કુદરતની આ કારમી થપાટ તેમને સહન કરવી જ રહી તેવું તેઓ માની રહ્યા છે.



(તસવીર : ધર્મેન્દ્ર મહેતા)

# આજે ગાંધીનગરમાં

## આજનો દિવસ

સૂર્યોદય : ૬.૫૮
સૂર્યાસ્ત : ૬.૪૫

## તાપમાન

મહત્તમ : ૩૧.૨ ડિ.સે.
લઘુત્તમ : ૧૨.૮ ડિ.સે.

## ભેજનું પ્રમાણ

સવારે ૭૦ ટકા ● સાંજે ૨૯ ટકા

## મનોરંજન

### મૂવી પ્લેક્સ, કલોલ

: સ્ક્રીન-૧ :

અબ તક-૫૬ : ૧૦.૧૫, ૧.૧૫, ૪.૧૫, ૭.૧૫, ૧૦.૧૫

સ્ક્રીન-૨ :

દમ લગા કે હૈસા : ૧૧.૩૦, ૪.૩૦, ૧૦.૦૦

જો બકા : ૨.૦૦, ૭.૦૦

સ્ક્રીન-૩ :

જો બકા : ૧૧.૦૦

દમ લગા કે હૈસા : ૧.૩૦, ૭.૦૦

બદલાપુર : ૪.૦૦, ૯.૩૦

### સિટીપલ્સ

: સ્ક્રીન-૨ :

બદલાપુર : ૧૨.૩૦, ૩.૩૦, ૬.૩૦, ૧૦.૦૦

: સ્ક્રીન-૩ :

બદલાપુર : ૨.૦૦, ૪.૪૫, ૭.૩૦

રોય : ૧૦.૦૦

સ્ક્રીન-૪ :

રોય : ૧૦.૦૦

ષમિતાભ : ૧.૦૦, ૧૦.૦૦

બેબી : ૩.૪૫

સનડામારુથમ (તમિલ) : ૭.૦૦

સ્ક્રીન-૫ :

બદલાપુર : ૧૦.૦૦

રોય : ૧૨.૪૫, ૩.૪૫, ૬.૪૫

બેબી : ૯.૪૫

## આપની આજ

**મેષ** : આપનો પ્રબળ આત્મવિશ્વાસ અને દઢ નિશ્ચયથી મુશ્કેલ કાર્યોનો ઉકેલ મેળવી શકાય છે. કૌટુંબિક જીવનમાં તનાવ રહેવાની સંભાવના છે.

**વૃષભ** : જમીનના વ્યવસાય સાથે સંકળાયેલા માટે આજનો દિવસ શુભ બની રહેશે. જૂના કાર્યોનું પરિણામ મળશે. ઉદર વિકારને કારણે ખાનપાન પર સંયમ રાખવું.

**મિથુન** : આધ્યાત્મિક વ્યક્તિત્વના જાતકો માટે માન- સન્માન, લોકપ્રિયતામાં વૃદ્ધિના કાર્યો થઈ શકશે. વરિષ્ઠ ગુરુઓની કૃપા પ્રાપ્ત થશે. ઘરમાં મહેમાન આવવાની સંભાવના છે.

**કર્ક** : આપને કર્મક્ષેત્રમાં ગહન શોધ વગેરેના કાર્યો થવાની શકયતાઓ છે. આર્થિક ક્ષેત્રમાં લંબિત પ્રકરણોમાં સમય પસાર થઈ શકે છે.

**સિંહ** : ધર્મ આધ્યાત્મ, જ્ઞાન વૃદ્ધિના કાર્યોમાં સમય પસાર થઈ શકે છે. નીતિગત સમસ્યા, કોર્ટ- કચેરી સંબંધી વિવાદોને કારણે વિશેષ કાર્યોમાં સફળતા પ્રાપ્ત થઈ શકે છે.

**કન્યા** : કુટુંબમાં વડીલો સાથે વિવાદમાં ન પડવું . ઉચ્ચસ્તરીય ધાર્મિક કાર્યોનું આયોજન થઈ શકશે. પવિત્ર ધાર્મિક સ્થળોની યાત્રા-પ્રવાસનું આયોજન થશે.

**તુલા** : સામાજિક ક્ષેત્રોમાં, જ્ઞાન વર્ધક કાર્યોમાં ઉપસ્થિત રહેવું પડે તેવી પરીસ્થિતિ ઉભી થઈ શકે છે. મિત્રો તથા સગા-સ્નેહીજનો સાથે મુલાકાત થઈ શકશે. કૌટુંબિક સમસ્યાઓ દૂર થશે.

**વૃશ્ચિક** : ખાસ મહત્વનાં આર્થિક કાર્યોમાં ભાગ્યવર્ધક સફળતા પ્રાપ્ત થવાની સંભાવાનાઓ બની રહી છે. નાણાંકીય કાર્યોમાં વિશેષ યાત્રા- પ્રવાસનો યોગ બની રહ્યો છે.

**ધન** : કર્મક્ષેત્રમાં કોઈ શોધ દ્વારા સન્માન વૃદ્ધિનો યોગ બની રહ્યો છે. કર્મક્ષેત્રમાં ઉચ્ચસ્તરીય કાર્યોમાં સફળતા પ્રાપ્ત કરી શકશો. અપરણિતો માટે લગ્નના માંગા આવી શકે છે.

**મકર** : શિક્ષા, જ્ઞાન, આધ્યાત્મના કાર્યોમાં મન લાગશે. ધર્મ, માંગલિક કાર્યોમાં સંબંધીમાં ચિંતન થઈ શકશે. ધાર્મિક કાર્યોમાં વધુ સમય પસાર થશે. કુટુંબનો સાથ સહકાર મળી રહેશે.

**કુંભ** : શૈક્ષણિક ક્ષેત્રમાં આવનારી સમસ્યાઓને સંયમપૂર્વક ઉકેલવી યોગ્ય રહેશે. રાજકીય તથા સામાજિક ક્ષેત્રમાં પ્રતિષ્ઠામાં વૃદ્ધિ થવાનો યોગ બની રહ્યો છે.

**મીન** : આર્થિક વિવાદોને ઉકેલવામાં ભાગ્યવર્ધક સફળતા પ્રાપ્તિ થઈ શકશે. કર્મકાંડ આધ્યાત્મ સંબંધી કાર્યોમાં મન લાગશે. કૌટુંબિક પ્રશ્નોનું નિરાકરણ આવી શકે છે.

## ચિરવિદાય

- સ્વ. વિનોદભાઈ પસાભાઈ પ્રજાપતિ (ઉ.વ.૫૪) મુ. ધોળાકુવા, તા.જી. ગાંધીનગર
- સ્વ. હિરાબેન બાલુજી મકવાણા (ઉ.વ.૫૯) મુ. આલમપુર, તા.જી. ગાંધીનગર